**આપણું પોતાનું અખબાર**

અભિમાન એ અધિકાર ભોગવવાની અંતરની ઇચ્છાનો પડઘો છે
- *રાજચંદ્ર*

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૭ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૪, બુધવાર; પોષ વદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ આરંભાયો

વસંતઋતુના આગમનના વધામણા કરવા દર વર્ષની જેમ ચાલુ વર્ષે શહેરના 'જ' માર્ગ સ્થિત સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવનો શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે ગોવાનું ગોફ, રાજસ્થાનનું ભયંગવાદન અને કાલબેલિયા, મહારાષ્ટ્રનું શોંગીમુખોટે, મધ્યપ્રદેશના રાઈ અને ગુદુમ બાલા, વડોદરાનું રાઠવા, ઉત્તરપ્રદેશનું મોર, ઓડિશાના નાના બાળકો દ્વારા રજૂ કરેલું ગોટીપુઆ, પંજાબનું ભાંગડા અને આસામનું બિહુ જેવા ભારતના વિવિધ પ્રદેશોના પ્રસિદ્ધ નૃત્યો રજૂ કરીને નગરજનોના દિલ જીતી લીધા હતા.





(તસવીર : દિપક જાની)

## NEWS બિટ્સ

### ૧૯૮૪ અને ૨૦૦૨ના રમખાણો કલંકરૂપ : નીતિશકુમાર

ગુજરાતના ૨૦૦૨ના



રમખાણો અંગે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ન્યુઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં નરેન્દ્ર મોદી અને તેમની ભાજપ સરકારને દોષી ઠેરવતા દેશના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા છે. ભાજપે ૧૯૮૪ના શિખ વિરોધી રમખાણો માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવી હતી તો બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે ૧૯૮૪ અને ૨૦૦૨ના તોફાનો દેશ માટે કલંકરૂપ છે.

### યુપીમાં ૭૦ હજાર શિક્ષકો કાયમી કરાયા

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે જાહેરાત



કરી છે કે રાજયના ૭૦ હજાર શિક્ષકોને કાયમી કરવાનો નિર્ણય કર્યો છે. દેશના અનેક રાજયોમાં હંગામી શિક્ષકોને કાયમી કરવાનો નિર્ણય લાંબા સમયથી પડતર છે ત્યારે અખિલેશ યાદવે એક ઝાટકે ૭૦ હજાર શિક્ષકોને કાયમી કરવાનો આદેશ કરતા યુપીના શિક્ષણ જગતમાં આનંદની લાગણી ફેલાઈ છે.

### આપને પગલે ભાજપ

દિલ્હીમાં ગાંધી ટોપી ધારી 'આપ'ના કાર્યકરોની



લોકપ્રિયતાના પગલે ભાજપે કેસરી ટોપીઓ ધારણ કરી કાર્યક્રમોમાં જોડાવવાનું શરુ કર્યું છે. મંગળવારે ગાંધીનગરના રાજયસભાના પસંદગી પામેલા ઉમેદવારોએ ઉમેદવારીપત્રકો ભર્યા ત્યારે ઉપસ્થિત રાજકીય આગેવાનો કેસરી ટોપીમાં સજ્જ દેખાયા હતા.

# આજે ગાંધીનગરમાં ચૂંટણીની તૈયારીની સમીક્ષા બેઠક

## ૮ જિલ્લાના કલેક્ટરો અને પોલીસ અધિક્ષકો સાથે મુખ્ય ચૂંટણી અધિકારીની મહત્વની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આજે ગાંધીનગરમાં ૮ જિલ્લાઓમાં લોકસભાની ચૂંટણીઓ અંગે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી અનીતા કરવાલ કરશે.

ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, બનાસકાંઠા આણંદ, મહેસાણા જિલ્લાના કલેક્ટરો તેમજ જિલ્લા પોલીસ વડાઓ સાથે આ સમીક્ષા બેઠક યોજવામાં આવી રહી છે. આ બેઠકમાં જિલ્લાતંત્ર દ્વારા મતદારયાદીની પ્રસિદ્ધિ તેમજ મતદાન મથકો, સંવેદનશીલ મતદાન મથકો, ખર્ચ મોનીટરીંગ વ્યવસ્થાપન સહિતના વીસથી વધુ મુદ્દાઓને આવરી લઈ સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે.

ચૂંટણી પંચે દરેક જિલ્લામાં ચૂંટણી માટે અલગ મહેકમ મંજૂર કરી દીધુ છે તેના પર કર્મચારીઓની નિમણુંક સહિતના મુદ્દાઓ ઉપરાંત મતદારયાદીની પ્રસિદ્ધિ બાદ રાજકીય પક્ષો સાથે બેઠક યોજવા તેમજ ફેબ્રુઆરી માસથી મતદારયાદી ઝુંબેશ અંગે પણ આ બેઠકમાં ખાસ ચર્ચાઓ થશે. વિધાનસભા ચૂંટણી વખતે કાયદો-વ્યવસ્થા અંગે અલાયદા નિરીક્ષક નિમાતા હોઈ આ અંગે પણ વિશેષ ભાર મુકવામાં આવનાર છે.

જિલ્લાઓ દ્વારા ચૂંટણીની કામગીરીના સંકલન માટે નોડલ ઓફિસરોની નિમણુંક કરી દેવામાં આવી છે. તેમજ કર્મચારીઓની નિમણુંકો અંગેની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં છે. દરેક જિલ્લાઓમાં ચૂંટણી વિષયક કામગીરી માટે કર્મચારીઓની ડેટાબેઝ તૈયાર કરી દેવામાં આવેલ છે. નવા મતદાન મથકોને પણ પંચે મંજૂરી આપી દીધી છે.

મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી દ્વારા આચારસંહિતાના અમલ પર પણ ખાસ ભાર મુકવામાં આવશે. તેમણે લગભગ ૨૦ થી વધુ જિલ્લાઓની સમીક્ષા પૂર્ણ કરી દીધી છે.

દરમ્યાન પંચની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં નાયબ ચૂંટણી કમિશ્નર ડૉ. વિનોદ ઝુત્સી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ ઉપરાંત ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહથી પંચની કામગીરી માટે તાલિમ આપવાના અભિયાનનો પણ આરંભ કરવાનું આયોજન છે. ઈ.વી.એમ.ની તપાસણી સહિતની કામગીરી અંગે આ બેઠકમાં મહત્વના નિર્દેશો આપવામાં આવશે તેવી શક્યતાઓ છે.

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ત્રણ ગ્રામ્ય માર્ગો માટે રૂ. ૧૫ કરોડ ખર્ચાશે

### ૨૫ કિ.મી.ની લંબાઈ ધરાવતા આ માર્ગોની કામગીરી ટૂંકમાં આરંભાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના ત્રણ ગામોના ૨૫ કિ.મી.ના માર્ગો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સમાવવામાં આવ્યા છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના આમજા-રૂપાલ-કોલવડા માર્ગ, વેડા-જામળા સોજા રોડ તથા દેવકરણના મુવાડા કડજોદરા માર્ગ મંજૂર કરવામાં આવ્યા છે. આ ત્રણ માર્ગની લંબાઈ ૨૫ કિ.મી. જેટલી થાય છે. આ માટે બે અલગ અલગ પેકેજમાં રકમ મંજૂર કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આમજા-રૂપાલ-સોનીપુર કોલવડા તથા વેડા-જામળા-સોડા રોડ માટે રૂ. દસ કરોડ તથા દેવકરણના મુવાડા કડજોદરા માર્ગ માટે રૂ.૪ કરોડ ૩૮લાખ મંજૂર કરાયા છે. આ માટેના ટેન્ડરો પણ તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# અંબોડમાં ૯મીથી અશ્વ-શૉ

## આગામી તા. ૯ થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર આ અશ્વ શૉ માં એક હજારથી વધુ અશ્વો ભાગ લેશે : અશ્વોની વિવિધ સ્પર્ધાઓ આકર્ષણરૂપ બનશે

ગાંધીનગર, તા. ૨૮

અશ્વોના સંવર્ધન અને વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે અશ્વ શૉ નું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર નજીક અંબોડ ગામે ભવ્ય અશ્વ શૉનું આયોજન આગામી તા. ૯ થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં જાતવાન એવા એક હજારથી વધુ અશ્વો ભાગ લેશે.

ગાંધીનગર નજીક અંબોડ ગામે રાજ્ય સરકાર દ્વારા ભવ્ય અશ્વ શૉ નું આયોજન આગામી તા. ૯ થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવ્યું છે. અંબોડ ગામે સાબરમતી નદીના પટમાં અશ્વોની વિવિધ રેસ માટે વિશાળ ટ્રેક બનાવવામાં આવી રહ્યો છે. અશ્વ શૉ ના સાત દિવસ દરમ્યાન અશ્વોની જુદી જુદી સ્પર્ધાઓ તથા દોડ યોજાશે. ૧૦ થી ૬૦ કિ.મી.ની વિવિધ રેસ ખાસ ટ્રેક પર યોજાશે. મીલીટરી અને પેરા મીલીટરી ફોર્સના ૧૫૦ જેટલા અશ્વો પણ આ શૉ દરમ્યાન પોતાનું કૌશલ્ય બતાવશે. ગુજરાતમાં અશ્વોના સંવર્ધન અને વિકાસ માટે આવા અશ્વ શૉ નું રાજ્યભરમાં આયોજન કરવામાં આવ્યું છે. ગયા વર્ષે પણ અંબોડ ખાતે રાજ્યકક્ષાનો અશ્વ શૉ યોજાયો હતો જે ખુબ સફળ રહ્યો હતો. આ વર્ષે યોજાનારા અશ્વ શૉ માં એક હજારથી વધુ અશ્વો ભાગ લેશે અને દોઢથી બે લાખ જેટલા અશ્વપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જાતવાન અશ્વોની લે-વેચ પણ અહીં થશે. વિવિધ સંસ્થાઓને સાથે રાખીને કૃષિ અને સરકાર વિભાગે આ અશ્વ શૉ ના આયોજનની તૈયારીઓ પરિપૂર્ણ કરી લીધી છે.

# વિધાનસભા સત્ર લંબાવવા કોંગીની માંગ

ગાંધીનગર, તા. ૨૮

કોંગ્રેસના વિપક્ષના નેતાની આગેવાની હેઠળના પ્રતિનિધિ મંડળે રાજ્યપાલશ્રીને મળીને વિધાનસભાનું સત્ર લંબાવવાની માંગણી કરતી રજુઆત કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા આગામી ૨૦મી ફેબ્રુઆરીથી પાંચ દિવસનું વિધાનસભાનું ટુંકુ સત્ર બોલાવવામાં આવ્યું છે. આથી આજે વિપક્ષ કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠલ કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યપાલશ્રીની મુલાકાત લઈને વિધાનસભાનું સત્ર લંબાવવાની માંગણી કરી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પાંચ દિવસનું ટુંકુ સત્ર બોલાવ્યું છે. જેમાં રાજ્યપાલશ્રીનું પ્રવચન અને તેના પરના આભાર પ્રસ્તાવ માટેના ત્રણ દિવસ ફાળવવામાં આવ્યા છે તેમજ સરકાર ચાર માસ માટેનું લેખાનુદાન રજુ કરનાર છે. ત્યારે વિપક્ષના સભ્યોને એના પર ચર્ચા કરવાનો પૂરતો સમય મળી શકે તેમ ન હોઈ વિધાનસભાનું સત્ર પાંચ દિવસના બદલે વધુ દિવસ માટે લંબાવવા માટેની રજુઆત કરવામાં આવી છે.

## ગાંધીનગરમાં ઠંડી સહેજ વધી

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લા ઘણા દિવસોથી લઘુત્તમ તાપમાન ઉંચુ રહ્યા બાદ ઠંડા પવનોના કારણે ગઈરાત્રે તાપમાન ઘટ્યું હતું અને લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિ.સે. નોંધાયું હતું. જો કે હાલમાં તડકો ધીમે ધીમે આકરો બનતા મહત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૨ ટકા અને સાંજે ૩૩ ટકા રહ્યું હતું.


**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧









